

Ontario

# સમાચાર વિજ્ઞપ્તિ

**ઑન્ટારિયો અંદાજપત્ર** **•2014** નાણાં મંત્રાલય (MINISTRY of FINANCE)

## તેજસ્વી, મજબૂત આવતીકાલ માટે આજે ઑન્ટારિયોનું નિર્માણ કરીએ

*2014 ઑન્ટારિયો અંદાજપત્ર નોકરીઓનું સર્જન કરવાની અને અર્થતંત્રનો વિકાસ કરવાની, આધુનિક પરિવહન અને માળખાકીય સગવડોનું નિર્માણ કરવાની અને ઑન્ટારિયાવાસીઓને તેમની નિવૃત્તિમાં મદદ કરવાની અને સાથે સાથે 2017–18 સુધીમાં બજેટને સંતુલિત કરવાની યોજના સાથે આગળ વધે છે*

**સમાચાર** જુલાઈ 14, 2014

આજ અને આવતીકાલ માટે તક અને સલામતીનું નિર્માણ કરવાની યોજના સાથે ઑન્ટારિયો આગળ વધી રહ્યું છે. આજે નાણાંમંત્રી (Minister of Finance) Charles Sousa દ્વારા રજૂ કરવામાં આવેલું 2014નું ઑન્ટારિયો અંદાજપત્ર અત્યંત કૌશલ્યવાન કાર્યબળમાં રોકાણ કરીને, આધુનિક માળખાકીય સવલતો અને પરિવહન નેટવર્કનું નિર્માણ કરીને અને ગતિશીલ તથા નવીન વ્યાપારી વાતાવરણને સમર્થન આપીને નોકરીઓનું સર્જન કરવા માટે તાત્કાલિક પગલાં લે છે.

અંદાજપત્ર કામદારો જેના માટે લાયક છે તે નિવૃત્તિની સલામતીનું નિર્માણ કરવાના પગલાંઓ પણ લે છે; આ એક એવો પ્રસ્તાવ છે જે લાંબા ગાળાના આર્થિક વિકાસને સમર્થન આપે છે. સરકાર જવાબદાર રીતે ખર્ચ કરવા પર નિયમન રાખવાનું ચાલુ રાખશે અને 2017-18 સુધીમાં ખાધ દૂર કરશે. અંદાજપત્ર 2014માં જણાવ્યા પ્રમાણે પ્રત્યેક વિસ્તારમાં લોકો માટે વધુ તક અને વધુ સલામતીનું સર્જન કરવા દરમિયાન પોતાના નાણાંકીય લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે સરકાર કાળજીપૂર્વક ખર્ચનું નિયમન કરશે જે દરમિયાન ઑન્ટારિયોના લોકો અને વ્યાપાર માટે સ્પર્ધાત્મક લાભોનું નિર્માણ કરતાં વ્યૂહાત્મક રોકાણો કરશે.

<u>લોકોની પ્રતિભા અને કૌશલ્યો પર નિર્માણ કરવું</u>

પડકારજનક વૈશ્વિક આર્થિક વાતાવરણ હોવા છતાં ઑન્ટારિયો એવા રોકાણોને હજીપણ આકર્ષી રહ્યું છે જે નોકરીઓનું સર્જન કરે છે, અર્થતંત્રની વૃદ્ધિ કરે છે, અને આજે તથા આવતીકાલે કામદારો માટે તકોનું વિસ્તરણ કરે છે. ઑન્ટારિયોનું પ્રતિભાશાળી કાર્યબળ રોકાણને આકર્ષવામાં અને આર્થિક વૃદ્ધિ ટકાવવામાં સૌથી મોટી સંપત્તિ છે. બજેટ નીચે મુજબના પગલાંઓ દ્વારા ઑન્ટારિયોના લોકોની શક્તિ પર નિર્માણ કરે છે :-

- આ પાનખરમાં ફુલ-ડે કિંડરગાર્ટન (Full-Day Kindergarten) શરૂ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી અને બાળસંભાળના આધુનિકીકરણ અને સ્થિરીકરણમાં રોકાણ કરવું જેથી ઑન્ટારિયોમાં દરેક બાળક જીવનમાં શ્રેષ્ઠ સંભવિત શરૂઆત મેળવી શકે.
- વર્ગખંડ ટેકનોલોજીમાં રોકાણ કરવું જેથી સુનિશ્ચિત કરી શકાય કે યુવા વિદ્યાર્થીઓ 21 મી સદીના અર્થતંત્રમાં આગેવાની કરવા માટે સજ્જ હોય.
- 30% ની છૂટ સાથેની ઑન્ટારિયો ટ્યુશન ગ્રાંટ (30% Off Ontario Tuition grant) પૂરી પાડવી જેથી સુનિશ્ચિત કરી શકાય કે 260,000 જેટલા યુવાનોને એવી ડિગ્રી અથવા ડિપ્લોમા મેળવવાનું પરવડી શકે જે વધુ તકો તરફ દોરી જાય.
- ઑન્ટારિયો યુવા નોકરી વ્યૂહરચના (Ontario Youth Job Strategy) નો વિસ્તાર કરવો જેથી વધુ યુવા લોકોને નોકરીના બજારમાં પગપેસારો કરવાની તક મળી શકે. આ વ્યૂહરચનાના ભાગરૂપે, યુવા રોજગારી ભંડોળ (Youth Employment Fund) દ્વારા 16,500 થી વધુ લોકોને સપ્ટેમ્બર 2013 થી કામનો અનુભવ અને નોકરીઓ શોધવામાં મદદ મળી ચૂકી છે.

<u>આધુનિક માળખાકીય સવલતો અને પરિવહન નેટવર્કનું નિર્માણ</u>

ઑન્ટારિયોની સાર્વજનિક માળખાકીય સવલતો - આપણા માર્ગો, પુલો, પરિવહન તંત્રો, હૉસ્પિટલ્સ અને શાળાઓ - પ્રાંતને વિશ્વમાં જીવવા, કામ કરવા અને રોકાણ કરવા માટે શ્રેષ્ઠ સ્થાનો પૈકીનો એક બનાવવામાં મદદ કરે છે. ઑન્ટારિયોની માળખાકીય સવલતોના લાભનું નિર્માણ કરવા માટે અંદાજપત્ર 2014 માં આગામી 10 વર્ષ માટે માળખાકીય સવલતોમાં $130 અબજથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે. આ રોકાણ તાત્કાલિક નોકરીઓનું નિર્માણ કરશે, ઑન્ટારિયોની ઉત્પાદકતા સુધારશે અને આવતીકાલની નોકરીઓ અને વૃદ્ધિને સમર્થન આપશે. તેમાં આનો સમાવેશ થાય છે :-

- નવા પ્રતિબદ્ધ ભંડોળ માટે કે જેમાં હાઈવે, જાહેર પરિવહન, માર્ગો અને પુલોમાં રોકાણ કરીને વિઘ્નરહિત અને પ્રાંતવ્યાપી પરિવહન માળખાનું નિર્માણ કરવા માટે આગામી 10 વર્ષના સમયમાં ઉપલબ્ધ આશરે $29 અબજની રકમ ફાળવવામાં આવશે. ભંડોળનું વસ્તી પ્રમાણે ન્યાયિક અને પારદર્શક રીતે વિભાજન થશે જેથી ગ્રેટર ટૉરન્ટો અને હેમિલ્ટન વિસ્તાર [Greater Toronto and Hamilton Area (GTHA)] $15 અબજ મેળવશે અને ઑન્ટારિયોના અન્ય વિસ્તારો લગભગ $14 અબજ મેળવશે.
- રિંગ ઑફ ફાયરમાં વ્યૂહાત્મક પરિવહન માળખું વિકસાવવા અને ઉત્તરનો આર્થિક વિકાસ અને નોકરીઓની સંભાવનાને પ્રકટ કરવા માટે $1 અબજના ભંડોળની પ્રતિબદ્ધતા.
- આગામી 10 વર્ષમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને આધુનિક બનાવવામાં $11 અબજથી વધુનું રોકાણ.

- આગામી 10 વર્ષમાં હૉસ્પિટલના પ્રમુખ વિસ્તરણ અને પુનર્વિકાસ પ્રોજેક્ટ્સમાં $11.4 અબજથી વધુનું રોકાણ.
- મહત્ત્વાકાંક્ષી અને પ્રતિભાશાળી યુવાનોની સંખ્યા પ્રમાણે ઑન્ટારિયોમાં કૉલેજ અને યુનિવર્સિટીની જગ્યાઓ હોય તે સુનિશ્ચિત કરવા માટે નવા અથવા વિસ્તારિત અનુ-માધ્યમિક પરિસર.

સહાયક અને ગતિશીલ વ્યાપારી વાતાવરણનું નિર્માણ

ઑન્ટારિયોનું વૈવિધ્યસભર અર્થતંત્ર એવા માળખાથી ટકેલું છે જે લોકોને અને ચીજવસ્તુઓને કાર્યક્ષમ રીતે ગતિમાન કરે છે, અત્યંત કૌશલ્યવાન કાર્યબળ કે જે વિકાસશીલ વ્યાપાર ઈચ્છે છે, અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક અને અનુમાનિત કોર્પોરેટ ટેક્સ દર. ઑન્ટારિયોના ગતિશીલ અને નવીન વ્યાપારી વાતાવરણની શક્તિ પર નિર્માણ કરવા માટે અંદાજપત્ર 2014 વ્યૂહાત્મક ભાગીદારીમાં રોકાણ કરે છે જે વ્યાપાર, સમુદાયો અને લોકો માટે ટકાઉ આર્થિક લાભો ઉત્પન્ન કરે છે. તેમાં આનો સમાવેશ થાય છે :-

- નિકાસ વધારવા અને નવા રોકાણોને આકર્ષવા માટે વૈશ્વિક વ્યાપાર મિશન સહિતની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ભાગીદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- વ્યાપાર સાથે વ્યૂહાત્મક અને નોકરીનું નિર્માણ કરતી ભાગીદારીઓ પર વધેલી એકાગ્રતા જેને 10 વર્ષના $2.5 અબજ નોકરી અને સમૃદ્ધિ ફંડ (Jobs and Prosperity Fund) નો ટેકો મળે છે. આ ફંડ દ્વારા ઑન્ટારિયોના પરંપરાગત અને ઉદય પામી રહેલા ઉદ્યોગો નવા રોકાણો માટે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં વિજેતા બનશે અને દરેક વિસ્તારના સમુદાયોને લાભ થશે.

નિવૃત્તિની સલામતીનું નિર્માણ

કામ કરતા પરિવારોને વધુ સલામત નિવૃત્તિનું નિર્માણ કરવામાં મદદ કરવા માટે ઑન્ટારિયો નિવૃત્તિ પેન્શન યોજના (Ontario Retirement Pension Plan) નું પ્રાંત સર્જન કરશે. જ્યારે CPP ચૂકવણીઓ સાથે જોડવામાં આવે ત્યારે તેઓ જે આરામદાયક નિવૃત્તિ માટે લાયક છે તે પૂરી પાડવામાં તે તેમને મદદ કરશે. ઑન્ટારિયો નિવૃત્તિ પેન્શન યોજના (Ontario Retirement Pension Plan) આ કામ કરશે :-

- આવકનો અનુમાનિત પ્રવાહ પૂરો પાડવો જે ફુગાવાના દર પ્રમાણે વધે, અને નિવૃત્તિમાં આજીવન ચૂકવવામાં આવે.
- કાર્યસ્થળ પેન્શન યોજના વિના 3 મિલિઅનથી વધુ ઑન્ટારિયોના રહેવાસીઓ માટે ફરજિયાત અને તે માટે કર્મચારીઓ અને નોકરીદાતાઓ તરફથી ન્યાયી અને સમાન પ્રદાનની જરૂર પડશે.
- સરકારથી એક સલામત અંતરે સંચાલન, જેમાં OMERS ના ભૂતપૂર્વ CEO Michael Nobrega દ્વારા અમલીકરણની આગેવાની થશે.
- જ્યારે મોટી ચૂકવણીઓ લોકોને નિવૃત્તિમાં જીવનધોરણ જાળવવામાં અને ખર્ચ કરવાનું ચાલુ રાખવામાં મદદ કરે ત્યારે લાંબા ગાળાના આર્થિક લાભો ઑન્ટારિયોને પરત કરવા.

- પેન્શન નિષ્ણાતો, પ્રાંતો, વ્યાપાર અને મજૂરો સાથેના પરામર્શમાં વિકસિત હોવું જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે વ્યાપક પ્રમાણમાં દ્રષ્ટિકોણોને સાંભળવામાં આવે છે.

<u>તકો અને ન્યાયી ઑન્ટારિયોનું નિર્માણ કરવું</u>

સરકાર સમજે છે કે ઑન્ટારિયોની સફળતાનો આધાર બધા લોકોની સફળતા પર રહેલો છે. અંદાજપત્ર 2014 વધુ ન્યાયી ઑન્ટારિયોનું નિર્માણ કરે છે જે નીચેના સહિતના ઉપાયો દ્વારા આર્થિક વિકાસને વધુ સમર્થન આપે છે :-

- સામાજીક સહાયતા વ્યવસ્થાને સુધારવાનું ચાલુ રાખવું, જે આવક સહાયને સુધારશે અને કાર્યબળમાં પ્રવેશમાં નડતા વિઘ્નોમાં ઘટાડો કરશે.
- જૂન 1, 2014 થી કલાક દીઠ લઘુત્તમ વેતનને વધારીને $11.00 કર્યા બાદ કામદારો યોગ્ય વેતન મેળવે તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે ફુગાવાના દર પ્રમાણે વેતનમાં વધારો કરવા માટે કાનૂનનો પ્રસ્તાવ.
- ઋણ નિવૃત્તિ ચાર્જ (Debt Retirement Charge) ખર્ચને ડિસેમ્બર 31, 2015 બાદ રહેણાંક વપરાશકર્તાઓના વીજળી બિલોમાંથી દૂર કરવાનો પ્રસ્તાવ જેથી વિશિષ્ટ રહેણાંક રેટપેયરમાં વર્ષે લગભગ $70 ની બચત કરી શકાય.
- સમુદાય સેવા ક્ષેત્રમાં વિકાસકીય અપંગતાઓ ધરાવતા પુખ્તો અને અગ્રિમ પંક્તિના કામદારો માટે સહકાર વધારવો.
- સાર્વજનિક ભંડોળ ધરાવતા ઘર અને સમુદાય સંભાળ ક્ષેત્રમાં ગૃહસંભાળ કામદારો અને અગ્રિમ પંક્તિના બાળસંભાળ કામદારો માટે વેતનમાં વધારાઓ માટે સહકાર પૂરો પાડવો.
- બાળકો તેમની પૂર્ણ ક્ષમતા સુધી પહોંચી શકે તેમાં મદદ કરવા માટે ઑન્ટારિયો બાળ લાભ (Ontario Child Benefit) ને ફુગાવા સાથે જોડવાનો પ્રસ્તાવ કરીને તેમાં વધારો કરવો.

<u>નાણાંકીય સંતુલનનું નિર્માણ કરવું</u>

સરકાર 2017-18 સુધીમાં ખાધ દૂર કરશે. અંદાજપત્ર 2014 ખર્ચનું જવાબદારીપૂર્વક નિયમન કરીને અને નવા વિકાસમાં વ્યૂહાત્મક રીતે રોકાણ કરીને નવો માર્ગ આપે છે. જેઓ સરકારમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને જવાબદારીની હિમાયત કરશે  તેવા ટ્રેઝરી બૉર્ડના નવા પ્રમુખ (President of the Treasury Board) ની મદદથી ઑન્ટારિયો સંતુલિત બજેટ માટેના તેના લક્ષ્યાંકને પૂર્ણ કરશે અને મંદી પૂર્વેના દેવા-GDP ના સ્તરો તરફ જશે.  અંદાજપત્ર 2014 ના પગલાંઓમાં નીચેનાનો સમાવેશ થાય છે :-

- નિવૃત્ત થઈ રહેલા સમૂહ પ્રમુખ અને TD બેન્ક ગ્રૂપના CEO Ed Clark ની આગેવાનીમાં સલાહકાર કાઉન્સિલ (Advisory Council) સાથે પ્રાંતની સંપત્તિમાંથી વધુ મૂલ્ય તારવવું.
- દેશમાં કાર્યક્રમ પર સૌથી ઓછો ખર્ચ કરતી સરકારની આગેવાની કરવાનું ચાલુ રાખવું.

- ખર્ચનું એવી રીતે નિયમન કરવું કે જે છેલ્લાં પાંચ વર્ષમાંથી પ્રત્યેકમાં ધારણા કરતાં ઓછાં કાર્યક્રમ ખર્ચમાં પરિણમે.
- લોકોમાં, માળખાકીય સવલતો અને વ્યાપાર ભાગીદારીઓમાં વ્યૂહાત્મક રોકાણ કરીને આજે અને આવતીકાલ માટે વિકાસનું સર્જન કરવું.
- ઑન્ટારિયોમાં કરદાતાઓમાંથી મહત્તમ કર ચૂકવતા બે ટકા લોકો માટે વ્યક્તિગત આવક વેરો વધારવાનો પ્રસ્તાવ કરવો, જેમાં 98 ટકા કરદાતાઓ માટે કોઈ ફેરફાર ન થાય.

વધુ મજબૂત કેનેડાનું નિર્માણ કરવું

સંઘમાં ચોખ્ખા નાણાંકીય પ્રદાતા તરીકે ઑન્ટારિયો ફેડરલ સરકાર તરફથી ન્યાયી નાણાંકીય વ્યવહારની અપેક્ષા રાખે છે. પરંતુ આ વર્ષે ઑન્ટારિયોમાં પ્રમુખ ફેડરલ હસ્તાંતરણમાં $641 મિલિઅનનો ઘટાડો થયો છે જેને સ્વતંત્ર નિષ્ણાતો અને કેનેડાના સંસદીય અંદાજપત્ર અધિકારી (Parliamentary Budget Officer) એ પણ અન્યાયી વર્તન તરીકે લેખાવ્યું છે. ઑન્ટારિયો ફેડરલ સરકાર તરફથી ન્યાયી નાણાંકીય હસ્તાંતરણ પર ભાર મૂકવાનું ચાલુ રાખશે અને રાષ્ટ્રીય અને પ્રાંતિય હિતની બાબતોમાં ફેડરલ ભાગીદારીની ઈચ્છા કરશે. ઑન્ટારિયોનું અંદાજપત્ર 2014 એવા પગલાં લે છે જે રાષ્ટ્રીય અને પ્રાંતિય એમ બંને પ્રકારના હિતમાં છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :-

- રિંગ ઑફ ફાયરમાં સંસાધનની સંભાવનાને પ્રકટ કરવી.
- ઑન્ટારિયોના લોકોની નિવૃત્તિની બચતને વધારવી અને સલામત કરવી.
- આપણા અર્થતંત્રને સતત વિકસવા માટે જરૂરી હોય તેવા માર્ગો અને જાહેર પરિવહન વ્યવસ્થાનું નિર્માણ કરવું.

2014નું ઑન્ટારિયો અંદાજપત્ર મજબૂત ઑન્ટારિયો માટે સર્વાંગી યોજના જાહેર કરે છે જેમાં વધુ નોકરીઓ, વધુ તકો અને વધુ સલામત ભવિષ્ય સામેલ છે. તે વર્તમાન સમયમાં ઑન્ટારિયો માટે તકો અને આપણા ભવિષ્ય માટે સલામતીનું નિર્માણ કરશે.

**અવતરણ**

"અમારું બજેટ ઑન્ટારિયોના લોકો માટે વધુ તેજસ્વી, વધુ મજબૂત ભવિષ્યનું આયોજન આપે છે. પ્રાંતમાં બધી જગ્યાએ લોકો માટે તે વધુ તક અને સલામતીનું સર્જન કરે છે. ઑન્ટારિયોના લોકોએ અમારા પર અને અમારા આયોજન પર વિશ્વાસ મૂક્યો છે અને આજે અમે આગળ વધવાનું શરૂ કરીએ છીએ. નવા વિકાસ માટે જરૂરી શિક્ષણ અને કૌશલ્યોની તાલીમમાં અમે રોકાણ કરીશું. ગિરદી ઓછી કરવા માટે અમે જાહેર પરિવહન વ્યવસ્થાનું નિર્માણ કરીશું અને નવા માર્ગો અને હાઈવે સાથે સમુદાયોનું જોડાણ કરીશું. સારું વેતન મળતું હોય તેવી અર્થપૂર્ણ નોકરીઓનું સર્જન કરવા માટે અમે વ્યાપાર સાથે ભાગીદારી કરીશું અને ભાવિ નિવૃત્ત કર્મચારીઓ માટે વધારે નાણાંકીય સલામતી પૂરી પાડીશું. આ પ્લાનની હેઠળ 2017-18 સુધીમાં અંદાજપત્રને સંતુલિત કરવાની અમારી મજબૂત પ્રતિબદ્ધતા છે."

— Charles Sousa, નાણાં મંત્રી (Minister of Finance)

**શીઘ્ર હકીકતો**

- ઑન્ટારિયોનું અર્થતંત્ર વિકસવાનું ચાલુ રાખે છે, અને નવી નોકરીઓ અને વ્યાપારની તકોમાં પ્રદાન કરે છે. જૂન 2009 માં આવેલી મંદીથી અત્યાર સુધીમાં ઑન્ટારિયોમાં 458,000 ચોખ્ખી નવી નોકરીઓનું સર્જન થયું છે.
- જૂન 2009 થી ઑન્ટારિયોમાં નોકરીના સર્જનની ઝડપ અમેરિકા સહિતના મોટાભાગના વિકસિત અર્થતંત્રો કરતાં વધુ મજબૂત રહી છે, આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (Organisation for Economic Co-operation and Development) માં સભ્ય દેશો અને બાકીના કેનેડાને સંયુક્તપણે જોડીએ તેની સરેરાશ રહી છે.
- કેનેડિયન પ્રાંતોમાં ઑન્ટારિયો માથાદીઠ સૌથી લઘુત્તમ કાર્યક્રમ ખર્ચ ધરાવે છે અને ફેડરલ હસ્તાંતરણમાંથી મળતા ભંડોળ સહિત માથાદીઠ કુલ સૌથી ઓછી આવકને વધારે છે, જે દરમિયાન ઑન્ટારિયોના લોકોની સુખાકારીને સમર્થન આપતી ઉચ્ચ ગુણવત્તાની જાહેર સેવાઓ હજીપણ પૂરી પાડે છે.
- મોવાત કેન્દ્ર દ્વારા 2013 ના અહેવાલ પ્રમાણે, ઑન્ટારિયોના લોકોએ 2009-10 (સૌથી તાજાં ઉપલબ્ધ ડેટા સાથેનું વર્ષ) માં ઑન્ટારિયોના લોકોએ જેટલું વળતર મેળવ્યું તેના કરતાં $11 અબજ વધુ રકમ ફેડરલ સરકારને આપી હતી. આ ઑન્ટારિયોના રહેવાસી દીઠ લગભગ $850 નું પ્રતિનિધિત્વ કરે છે.
- પ્રત્યેક ડૉલરનું મૂલ્ય સમજવાની પોતાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે સરકાર હવે ઑન્ટારિયોની જાહેર સેવાઓમાં સુધાર અંગેના કમિશન (Commission on the Reform of Ontario’s Public Services) તરફથી કરવામાં આવેલી ભલામણોમાંથી 80 ટકાથી વધુ પર કાર્યવાહી કરી રહી છે (ડ્રમોન્ડ અહેવાલ).

- જાહેર માળખાકીય સવલતોમાં પુન:રોકાણ કરવા માટે સરકાર જનરલ મોટર્સ અને કેટલીક પ્રાંતિય રિયલ એસ્ટેટ મિલકતોમાં પોતાના અભિરુચિના હિસ્સાના વ્યાજમાંથી મૂલ્ય પ્રકટ કરવા માટે આગળ વધી રહી છે અને ચાવીરૂપ પ્રાંતિય સંપત્તિઓ માટેના વિકલ્પોનું મૂલ્યાંકન કરવા માટે સરકારી સંપત્તિઓ પરની સલાહકાર કાઉન્સિલ (Advisory Council on Government Assets) ની સ્થાપના કરી છે જેમાં ઑન્ટારિયોના રહેવાસીઓ માટે વધુ સારા વળતર અને આવકનું નિર્માણ કરવાની બાબતને પ્રાથમિકતા આપવામાં આવે છે.
- પરિવહન અને વાહનવ્યવહાર સંબંધિત માળખાકીય સવલતોમાં ભંડોળ આપવામાં મદદ મળે તે માટે સરકાર વિમાનો માટેના બળતણ પર કરવેરો વધારવાનો પ્રસ્તાવ કરી રહી છે. સપ્ટેમ્બર 1, 2014 નાં રોજ કરમાં લિટર દીઠ એક સેન્ટનો વધારો થશે અને 2015, 2016, 2017 ની 1 એપ્રિલનાં રોજ લિટર દીઠ વાર્ષિક એક સેન્ટનો વધારો થશે.
- જાહેર ક્ષેત્રના વળતર અને લાભોના ખર્ચનું નિયમન કરવા માટે સરકાર મજબૂત પરંતુ ન્યાયી પગલાં લેવાનું ચાલુ રાખે છે.

**વધુ જાણો**

2014 ઑન્ટારિયો અંદાજપત્ર વાંચો

અંદાજપત્રનું ભાષણ વાંચો

2014 ઑન્ટારિયો અંદાજપત્રની રૂપરેખા વાંચો

2014 ઑન્ટારિયો અંદાજપત્રની પૃષ્ઠભૂમિની માહિતી વાંચો :-

- ગતિશીલ વ્યાપારી વાતાવરણ અને રોજગારનું સર્જન કરવું
- આધુનિક માળખાકીય સવલતોનું નિર્માણ કરવું
- ન્યાયી સમાજને મજબૂત બનાવવો
- ઑન્ટારિયોના લોકો માટે સ્વચ્છ, વિશ્વસનીય અને પરવડી શકે તેવી ઊર્જા
- ઑન્ટારિયોનો આર્થિક દ્રષ્ટિકોણ અને નાણાંકીય આયોજન
- ઑન્ટારિયોને ઓછું મળતું ફેડરલ ભંડોળ
- ઑન્ટારિયોમાં નિવૃત્તિ સલામતીને મજબૂત બનાવવી
- મે 1, 2014 નાં રોજ રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર બિલ અને આજના અંદાજપત્ર બિલ વચ્ચેના તફાવતો

---

માત્ર મીડિયા પૂછપરછ માટે જ :-

ontario.ca/finance-news

Susie Heath, મંત્રીનું કાર્યાલય (Minister's Office), 416-325-3645

Scott Blodgett, નાણાં મંત્રાલય (Ministry of Finance), 416-325-0324

જાહેર પૂછપરછ માટે કૉલ કરો :-

1-800-337-7222
TTY: 1-800-263-7776